## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



આમ તો બધા ઝાડુવાળાને સફાઈ અભિયાન અમે જ શીખવ્યું હતું....

## વાત-વાતમાં.....

- સેક્ટર-૯માં જાહેર શૌચાલયની ગટર છેલ્લાં એક માસથી ઉભરાઈ રહી હોવાની રાવ સોશ્યલ મિડીયા પર ઉઠવા પામી છે. વળી, વસાહતીઓ દ્વારા સ્થાનિક તંત્રમાં ફરિયાદ કરવા છતાં કોઈ પગલાં લેવાતા નથી તેવો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.
- શહેરના સેક્ટર-૧૫માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન-આઈઆઈટીઈ ખાતે ડૉ. વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે એકપર્ટ ડાયલોગ સિરીઝમાં આજે બુધવારે અમદાવાદ યુનિવર્સિટીના અન્ડર ગ્રેજ્યુએટ કોલેજના ડીન પ્રો. રાઘવન રંગરાજનનું વક્તવ્ય યોજાશે. પ્રો. રંગરાજન ''નોબેલ પ્રાઈઝ ઈન ફિઝીક્સ-૨૦૧૯'' - ફિઝિકલ કોસ્મોલોજી એન્ડ એકઝો પ્લેનેટ્સ અંગે વાત રજૂ કરશે.
- સેક્ટર-૪માં પાણીનું પ્રેશર ઓછું આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. કેટલાક વસાહતીઓના મતે ગ-દોઢ આગળ સેક્ટર-૪-ડીના કોર્નરમાં પાઈપલાઈનમાં લિકેજ થયું હોવાથી આ સમસ્યા સર્જાઈ રહી છે.

## છાલા હાઈસ્કૂલ ખાતે 'મારી સંકલ્પનાનું ભારત' વિષય પર નિબંધ સ્પર્ધા

ચિલોડા, તા. ૧૧

શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ છાલામાં ટાટા તરફથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર શિક્ષિકા બહેનો શ્રીમતિ એમ.એમ. પટેલ, શ્રીમતિ



'મારી સંકલ્પનાનું ભારત' વિષય ઉપર એક નિબંધ સ્પર્ધાનું આયોજન થયુ છે. જે અંત્રગત વિજેતાઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ટાટા તરફથી કિશનભાઈ પંચાલ તથા કો-ઓર્ડીનેટર પિયુષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે શાળાના આચાર્ય આર.એસ. ચૌધરીએ એમ.બી. પટેલ, શ્રીમતી એમ.બી. ચૌહાણ તથા શ્રીમતિ હંસાબેન પટેલને ધન્યવાદ પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન દિપકભાઈ શુકલએ કર્યુ હતુ તેઓને પણ ધન્યવાદ પાઠવ્યા હતા. અંતમાં તમામને અભિનંદન આપી પ્રેરણા પુરી પાડી હતી અને ટાટાના પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.

## આયુર્વેદના પ્રાચીન ગ્રંથ ચરક સંહિતાના અધ્યયન માટે બે દિવસીય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સેક્ટર-૧૨માં બલરામ મંદિર પરિસર ખાતે તાજેતરમાં આયુર્વેદ વ્યાસપીઠ સંસ્થા દ્વારા આયુર્દના પ્રાચીન ગ્રંથ ચરક સંહિતાના પારંપારિક અધ્યયન માટે બે દિવસીય ચરક સ્વાધ્યાય શિબિર રાષ્ટ્રીય



પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૧૫૦થી વધુ આયુર્વેદના વૈદ્યો, પીજી અભ્યાસુઓ તથા વિદ્યાર્થીઓ વગેરે ભાગ લીધો હતો અને ગુરૂ શિષ્ય પરંપરાથી માંડીને ચરક સંહિતાનુ અધ્યયન કર્યુ હતુ. આ પરિસંવાદના સમાપને આયુષના નિયામક વૈદ્ય ભાવના પટેલ, આર્યુવેદ વ્યાસપીઠના અધ્યક્ષ વૈદ્ય હિતેશ જાની, યોગ નિષ્ણાંત અશ્વિનભાઈ દવે, આર.એસ.એસ.ના ગુજરાતના સંઘચાલક ડૉ. ભરત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં ગુજરાતની ૧૦ થી વધુ આયુર્વેદ કોલેજના નવનિયુક્ત આચાર્યો તથા ચરક સંહિતા વિષયે યોજાયેલા પોસ્ટર પ્રેઝન્ટેશન તેમજ ક્વીઝના વિજેતાઓને સન્માનવામાં આવ્યાં હતા. સમગ્ર કાર્યક્રમ આયુર્વેદ વ્યાસપીઠ સંસ્થા વતી વૈદ્ય ફાલ્ગુની પટેલ તથા વૈદ્ય પ્રણવ દલવાડી દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

# દિકરીના ''કન્યાદાન''નું પુણ્ય કાર્ય બાપ ચુક્યો તો સાસરિયાંએ બેવડી ફરજ નિભાવી..!!

### ગાંધીનગરની એક દિકરીની અનોખી દાસ્તાન જેમાં સાસરિયાંએ જ ''પિયરપક્ષ''ની ભૂમિકા ભજવી

ગાંધીનગર, તા. ૧૧

ચોતરફ લગ્નના ઢોલ ઢબુકી રહ્યાં છે અને શરણાઈના સુર રેલાઈ રહ્યાં છે. જેના ઘરે લગ્ન પ્રસંગનું આયોજન કરાયું છે તેના સગા-સંબધીઓ, સ્નેહીજનો તથા આડોશ-પાડોશમાં પણ આનંદ-ઉમંગ છવાયેલો જોવા મળે છે. જો કે ગત શનિવારે ગાંધીનગરની એક દિકરીના લગ્ન સગા બાપના આંગણે યોજાવાને બદલે સાસરિયાંમાં યોજાયા હતા અને સગો બાપ પોતાની દિકરીનું ''કન્યાદાન'' કરવાનું પુણ્ય કાર્ય કરવામાંથી ચુક્યો હતો એટલું જ નહી દિકરીના લગ્નમાં તેણે હાજરી સુદ્ધાં નહોતી આપી. દિકરીના સાસરિયાંએ જ શ્વસુર તથા પિયર પક્ષ એમ બંને તરફથી ફરજ નિભાવી હતી અને વહુને આંગણે આવકારી હતી.

પાટનગરના મહાત્મા મંદિર નજીકના એક સેક્ટરમાં રહેતા એક મધ્યમવર્ગીય પરિવારની આ વાત છે જેમાં પતિ-પત્નિ બંને તેમના બીજીવારના લગ્નથી જોડાયેલા છે. પતિને પ્રથમ લગ્નથી પુત્ર હતો અને બીજા લગ્નથી દિકરી અવતરી હતી જે બાળપણથી જ ભણવામાં હોંશિયાર હોવા સાથે અનેકવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતી. જોકે આ દિકરી યુવાવસ્થાએ પહોંચી ત્યાં સુધીમાં તેના મા-બાપ વચ્ચેના સંબંધોમાં કડવાશ પેદા થઈ ચુકી હતી જેનું એકમાત્ર કારણ પતિને પોતાની પત્નિના ચારિત્ર્ય પર શંકા હતી. શંકાના કીડાએ બાપને એટલો નિષ્ઠુર બનાવી દીધો હતો કે મા-દિકરી સાથે કકળાટ રોજીંદો બની ચુક્યો હતો અને ખુદ બાપ દિકરીનું સગપણ થવામાં પણ રોડાં નાંખતો હતો. પુત્ર તો પોતાનો અલગ સંસાર માંડીને બેસી ગયો હતો ત્યારે દિકરી જ તેની માતા માટે સહારો બનતી હતી. આ સંજોગોમાં સમાજમાંથી ઉત્તર ગુજરાતના એક યુવાન સાથે દિકરીના સગપણની વાત આવી અને યુવાનના પરિવારજનોએ થનારી વહુની આંખમાં રહેલા સત્યને પારખી લેતાં તેને અપનાવવા તૈયાર થઈ ગયા. પેલા યુવાને પણ પોતાની વાગ્દત્તાને સધિયારો આપવા માંડ્યો જેથી દિકરીમાં હિંમત આવી હતી. આ દિકરીના સાસરિયામાં સગી નણંદના લગ્ન લેવાયાં હતા આ દરમ્યાન અહીં બાપનો ત્રાસ વધી જવા પામ્યો હતો. આમ તો બહેનના લગ્નના બેએક વર્ષ પછી યુવાને પરણવાનુ વિચાર્યુ હતુ પરંતુ પોતાની વાગ્દત્તાની મુશ્કેલીભરી પરિસ્થિતિએ તેને ફરી વિચારવા મજબુર કરી દીધો હતો કારણ કે પોતાની વાગ્દત્તાનું ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી હોમાઈ ચુક્યા હતા.

અંતે, ઉત્તર ગુજરાતના એ યુવાન તથા તેના પરિવારજનોએ પોતાના ઘરની ''થનારી વહુ''ને બાપથી છુટકારો અપાવવા બંનેના ઘડિયાં લગ્ન લેવાનું નક્કી કરી દીધુ અને પોતાની બહેનના લગ્નના એક દિવસ અગાઉ જ તેમના લગ્ન પણ યુવાને યોજવા પરિવારજનોને મનાવી લીધા. આ તરફ દિકરીના નિષ્ઠુર પિતાએ પોતાની પત્નિને દિકરીના લગ્નમાં જવા સુદ્ધાંની મનાઈ ફરમાવી દીધી અને લગ્નની કોઈ જવાબદારી ઉપાડવામાંથી હાથ ઊંચા કરી દીધા હતા. અંતે દિકરીના સાસરિયાંએ લગ્નની તમામ જવાબદારી જાતે જ ઉપાડવાનું નક્કી કર્યુ અને થનાર વહુને પંદરેક દિવસ અગાઉ જ સાસરે તેડાવી લીધી હતી. ગત શનિવારે બંનેના લગ્ન યોજાયાં જેમાં જમણવાર-વરઘોડાથી માંડી તમામ રીતરિવાજો સાસરિયાએ આયોજિત કર્યા અને ''પિરયિયાં''ની ફરજ પણ નિભાવી હતી. આ તરફ છેલ્લે દિકરીના પિતાએ પોતાની પત્નિને તો દિકરીના લગ્નમાં જવા મંજૂરી આપી પરંતુ પોતે લગ્નમાં હાજર રહી ''કન્યાદાન'' કરવાનું પુણ્યકાર્ય કરવામાંથી ચુકી ગયો હતો જ્યારે દિકરીના સાસરિયાંએ કોઈપણ સંબંધમાં જેની સૌથી વધુ જરૂર પડે છે તે ''વિશ્વાસ''ને મજબૂત તાંતણે એક એવો દાખલો બેસાડ્યો છે કે સહુ કોઈ કહી શકે કે સાચે જ ''સંબંધ સજાવે જીંદગી..!!''

(નોંધ : સત્ય ઘટના આધારિત છે પરંતુ નામ-ઠામ જાણી જોઈને છુપાવવામાં આવ્યાં છે)

## 'રા' ગ્રુપના વેલેન્ટાઈન ડે વીક ઓપન માઈક કાર્યક્રમમાં યુવાનો પ્રેમના રંગમાં રંગાયા

ઓપન માઈક એ આજના યુવાનોનો મનગમતો વિષય છે. રા ગ્રુપના ચેરમેન હાર્દીકસિંહ



ચુડાસમા દ્વારા વેલેન્ટાઈન ડે વીક અન્વયે આવો જ ઓપન માઈક કાર્યક્રમ પીડીપીયુ રોડ પર આવેલા કોફી હાઉસ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

ઓપન માઈક કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. એમણે પ્રેમના ફોર, હજલ, કવિતા, વાર્તા સાથે યુવાનોને મજા કરાવી દીધી. આ ઓપન માઈક કાર્યક્રમમાં આ યુવાનોએ ભાગ લીધો હતો. જેમાં ગીત-કવિતા-ગિટાર-ફત્યુર, મિમિક્રી જેવા વૈવિધ્યસભર વિષય પર પ્રસ્તુતી કરી હતી.

વેલેન્ટાઈન ડે વીક હોવાથી મોટા ભાગના યુવાનોએ પ્રેમની શેરો-શાયરી-કવિતાઓ પ્રસ્તુત કરી હતી. લગભગ ૧૦૦ જેટલા યુવાનોએ આ કલાકારોને સતત તાળીઓથી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. પોતાની મસ્તીથી કોઈ શરમ સંકોચ વગર આ યુવાનો પોતાની કૃતિ રજુ કરી નીજાનંદ મેળવતા હોય છે. રા ગ્રુપ વેલેન્ટાઈન ડે ના દિવસે પણ આવો જ અન્ય એક ઓપન માઈક કાર્યક્રમ આયોજિત કરવા જઈ રહ્યું છે.

## બે દિવસ દરમિયાન કમોસમી વરસાદની શક્યતા : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે કે હાલમાં રાજ્યમાં ઠંડી પડવામાં છે પરંતુ તા. ૧૧ થી ૧૫માં રાજ્યના ભાગોમાં લઘુત્તમ તાપમાન વધવાથી ઠંડી ઓછી થવાની શક્યતા છે. તા. ૧૧મીથી વાદળો આવે. સૌરાષ્ટ્રના દરીયાકિનારે વાદળો આવવાની શક્યતા છે અને તા. ૧૨, ૧૩માં રાજ્યના કોઈ કોઈ ભાગોમાં હવામાનમાં પલટો આવે અને ક્યાંક સામાન્ય કમોસમી વરસાદની શક્યતા રહે. જ્યારે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થવાની શક્યતા છે. હિમાચલપ્રદેશ, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં હવામાનમાં પલટો આવે. તા. ૧૮ થી ૨૧માં પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા છે.

૨૧ તારીખની આસપાસ ઠંડા પવનો ફુંકાય, પરંતુ તા. ૨૧ બાદ રવિપાકો માટે હવામાન સારૂ રહે. હજુ તા. ૨૧, ૨૨ માં રાત્રીના ભાગોમાં અને સવારના ભાગોમાં ઠંડક રહે. માર્ચ માસમાં પણ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે. ઠંડી હજુ ગઈ નથી પરંતુ વાદળો વિખરાતા પુનઃ ઠંડીનો ચમકારો આવી શકે. આગામી દિવસોમાં પવન પણ ફુંકાઈ શકે.

## મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યા વિહારની સ્વ. ધરતીનો વિદ્યાર્થીઓની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર તાલુકાની મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ગત ૨૯મી જાન્યુઆરી ૩૧મા પ્રજાસત્તાક પર્વના રોજ સ્વર્ગીય નટુભાઈ પટેલ, સરપંચ કેશાજી ઠાકોર, ગ્રામજનો તેમજ સ્વ. ધરતીના પરિવારજનો હાજર રહ્યા હતા. શાળા પરિવાર, શ્રી કેળવણી



થયેલ ધોરણ-૧૧થી વિદ્યાર્થીની નામે ધરતી અરવિંદભાઈ ઓડનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ નવનીતભાઈ પટેલ, મંત્રી જે.ડી. શાહ, શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ જાણીતા પત્રકાર મંડળ તથા ગ્રામજનો દ્વારા ધરતીના પરિવારને રૂ. ૧૦૧૦૦૦ (અંકે રૂપિયા એક લાખ એક હજાર) રૂપિયાનો ફાળો એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક રાકેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

## ખૂણેખાંચરેથી

- સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાતનો દ્વિતીય પદવીદાન સમારોહ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે ૨૨મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર કેન્દ્રીય વિદ્યાલય સે. ૨૯ ખાતે યોજાશે.
- નાબાર્ડની ગુજરાત શાખા દ્વારા આજે સચિવાલય ખાતે ક્રેડીટ સેમિનાર મુખ્યમંત્રીના અધ્યક્ષપદે યોજાશે.
- ગાંધીનગર તાલુકાના પોર ગામમાં આર.સી.સી. રોડ મંજૂર થયા પછી તેના કામ શરૂ ન થતાં ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ''મા અમૃતમ્ કાર્ડ''ના ગ્રીવન્સ સેલની એક મહત્વની બેઠક મળી હતી.
- ગુજરાત સરકારે અન્ય કેડરોમાંથી બનેલા ત્રણ સનદી અધિકારીઓને સુપર ન્યુમરી એડીશનલ કલેક્ટર તરીકેની નિમણુંક આપતા હુકમ કર્યા છે. ગાંધીનગરમાં ડાયરેક્ટર ઓફ ઈકોનોમીક્સ અને આંકડા તરીકે ફરજો બજાવતા એસ.કે. હુડ્ડાને એડીશનલ કલેક્ટર સુપરન્યુમરીની ઉભી કરાયેલી નવી જગ્યા પર નિમણુંક આપી છે.
- દિલ્હીની ચૂંટણીના પરિણામો આજે સચિવાલય સહિત સમગ્ર પાટનગરમાં ટોક ઓફ ધી ટાઉન બની ઉભરી આવ્યા હતા.

## કિસાન ક્રેડિટકાર્ડમાં તમામ પાત્ર ખાતેદાર ખેડૂતોને સમાવવા ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૧

પ્રધાન મંત્રી કિસાન સમ્માન નીધી યોજના અંતર્ગત નોંધણી થયેલ અને પાત્રતા ધરાવતા તમામ ખેડુત કુટુંબને કિસાન ક્રેડીટ કાર્ડ હેઠળ આવરી લેવા માટે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરી સુધી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે, તેવું આજરોજ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે વધુમાં જણાવ્યું છે કે ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધીમાં પ્રધાન મંત્રી કિસાન સમ્માન નીધી યોજના હેઠળ નોંધાયેલા કુલ ૧,૪૧,૪૨૨ ખેડુત કુટુંબને કિસાન ક્રેડીટ કાર્ડ આપવાનો જિલ્લાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૦ સુધી એક ખાસ અભિયાન હાથ ધરી તમામ ૧,૪૧,૪૨૨ ખેડુતોને કિસાન ક્રેડીટ કાર્ડ આપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગ્રામ્ય કક્ષાના તમામ કર્મચારી, ગ્રામ સેવક, તલાટી કમ મંત્રી, બેંક મિત્ર, ખેડુત મિત્ર, સહકારી મંડળીના સેક્રેટરીઓ અને ગ્રામ્યકક્ષાની બેંક બ્રાંચના કર્મચારી વગેરેને અભિયાનમાં સામેલ કરી તમામ લાભાર્થીને KCCના લાભથી અવગત કરી દ્બઝઝ નોંધણી માટે જરૂરી તમામ પ્રસાર પ્રચારની ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

જિલ્લા કૃષિ અધિકારી જાદવે જણાવ્યું હતું કે કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ પશુપાલન અને મત્સ્યઉદ્યોગ ખેડુતો સુધી લંબાવાયો છે. જે ખેડૂતો કેસીસી ધારક છે અને પશુપાલન અથવા મત્સ્યઉદ્યોગ પ્રવૃત્તિઓ માટે વધારાની ક્રેટીડ લીમીટની મંજૂરી માટે શાખાનો સંપર્ક કરી શકે છે. પી.એમ.-કિસાન હેઠળના તમામ લાભાર્થી કવરેજ માટે એક પૃષ્ઠનું સરળ ફોર્મ વિકસાવવામાં આવ્યું છે. લાભાર્થી ખેડૂતે KCC મેળવવા ભરેલા ફોર્મ સાથે જમીનની ખાતાની નકલ અને વાવેતર કરેલ પાકની વિગત સાથે બેંક શાખાનો સંપર્ક કરવાની રહેશે કે, જ્યાંથી તેઓ પીએમ-કિસાન લાભ લઈ રહ્યા છે.

નાબાર્ડના જિલ્લા વિકાસ મેનેજર નિરંજકુમાર સિંગે જણાવ્યું હતું કે, અભિયાન દરમ્યાન લાભાર્થી ખેડૂતે બેંક શાખાનો સંપર્ક કરવાનો રહેશે કે, જ્યાંથી તેઓ પીએમ-કિસાન લાભ લઈ રહ્યા છે. તે બ્રાંચ પરથી ખેડૂત પોતાનું નવું KCC કઢાવી શકશે, બંધ થયેલ દ્બઝઝ રીન્યું કરાવી શકશે તેમજ અત્યારની તેમના KCC હેઠળની ક્રેડીટ લીમીટમાં પશુપાલન અને મત્સ્યસ્ય પાલન વ્યવસાય માટે વધારો કરાવી શકશે. વધુમાં ખેડુત મિત્રએ KCC હેઠળ જોડાવવા જે ખેડૂતની જમીન વિસ્તાર અને વાવેતર કરતા પાક મુજબ ક્રેડીટ લીમીટ રૂ. ૧.૯ લાખ છે તેમણે ફક્ત સામાન્ય માહિતી ધરવાતુ ફોર્મ ભરવાનું રહેશે અને રૂ. ૧.૯ લાખથી વધુ ક્રેડિટ લીમીટ માટે પ્રીંસીપલ લીમીટ મંજુર કરવામાં આવશે. જયારે રૂ.૧.૯ લાખથી વધુ રકમ માટે ધારાધોરણ મુજબ બોજા હેઠળની અન્ય કાર્યવાહી કરી ક્રેડિટ લીમીટ મંજુર કરવામાં આવશે. દ્બઝઝ પ્રોસેસિંગ, દસ્તાવેજીકરણ, નિરીક્ષણ સહિતના તમામ ખર્ચ રૂ. ૩ લાખ સુધીની કેસીસી લોન માટેના ચાર્જ તેમજ અન્ય સર્વિસ ચાર્જ માફ કરવામાં આવેલ છે.

## લોકકલ્યાણના કાર્યોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો જરૂરી : રાજેન્દ્ર ત્રિવેદી

વર્તમાન અને આગામી સમય ટેકનોલોજીનો છે તેનું વૈશ્વિક મહત્વ સ્વીકારવું ખુબ જ જરૂરી છે. આવનાર ૧૦-૨૦ વર્ષમાં ટેક્નોલોજીમાં નોંધનીય બદલાવ આવી રહ્યો છે, તે માટે આપણે સૌએ માહિતગાર થવું પડશે, તો જ આપણે વિશ્વ સાથે કદમ મિલાવી શકીશું. ગુજરાતના મંત્રીઓ અને ધારાસભ્યઓ આ નવીન-આધુનિક ટેક્નોલોજીથી સંપૂર્ણ માહિતગાર થાય અને તેનો લોકકલ્યાણના કાર્યો માટે ઉપયોગ કરે તેવા હેતુથી ભારતની ૧૦૦ વર્ષ જૂની ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયર્સ સંસ્થા-વડોદરા સેન્ટરના માધ્યમથી આ પ્રવચન શ્રેણીનું આયોજન કરાયું છે તેમ વિધાનસભા ગાંધીનગર ખાતે ''ટેકનોલોજીનો માનવજીવન પર પ્રભાવ'' વિષયક પ્રવચન શ્રેણીના ઉદઘાટન પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું.

પ્રવચન શ્રેણીના મખ્ય વક્તા ડૉ. વિજય શાહે 'ટેકનોલોજીનો માનવજીવન પર પ્રભાવ' વિષયક પ્રઝન્ટેશન રજૂ કરતાં જણાવ્યું હતું કે, રોજબરોજના જીવનમાં ટેકનોલોજી અને તેની સામાજિક અસરો એ બન્ને બાબતો આધુનિક યુગના અવિભાજ્ય પાસા છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં જ્યારે ટેકનોલોજીમાં ઝડપથી ફેરફારો થઈ રહ્યા છે ત્યારે ટેકનોલોજીના બદલાતા સ્વરૂપને લીધે સર્જાતી અવ્યવસ્થાનો પણ સમાજે સામનો કરવો પડે છે. ટેકનોલોજીની ઉત્ક્રાંતિથી સમાજની વિવિધ પેઢીઓ વિભાજિત થઈ છે આવા નવીન પડકારોનો સામનો કરવા માટે ટેકનોલોજીને લગતા વિસ્તૃત સંશોધનો કરવામાં આવી રહ્યા છે. આ સંશોધનોનો હેતુ હવામાન પરિવર્તન અને વસ્તી વધારાની સમસ્યાઓનો પડકાર કરવાની સાથે માનવ સમાજના જીવનધોરણમાં સુધારો લાવવાનો પણ છે.







### શરીરમાં પ્રોટીન માટે કઠોળ ખાવાનો આગ્રહ રાખો : હીના રાવલ

''કઠોળ એ ઉત્તમ પ્રોટીનનું સ્રોત છે, જે ફક્ત આપણા સ્વાસ્થ્ય માટે નહી પરંતુ પૃથ્વીના માટે પણ ઉત્તમ છે કેમકે કઠોળમાં કાર્બનનું પ્રમાણ ઓછુ હોય છે તેમજ કઠોળ માટીની શુક્ષ્મ જીવાણુને ખોરાક પુરો પાડીને જમીનની ફળદ્રુપતા વધારવામાં મદદરૂપ થાય છે.'' આ સંદેશ વિશ્વ કઠોળ દિવસ નિમિત્તે સાયન્સ સિટી ખાતે યોજાયેલા વાર્તાલાપ સેશન દરમ્યાન કુકીંગ નિષ્ણાંત હીના રાવલે કહ્યાં હતા. તેમણે શ્રોતાઓને કઠોળનું મહત્વ સમજાવતા કઠોળ ખાવા આગ્રહ કર્યો હતો કે શરીર પ્રોટીનનો સંગ્રહ કરી શકતુ નથી. સોમવારે યોજાયેલા વાર્તાલાપ સેશનમાં ૧૫૦ જેટલાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં હીના રાવલે જણાવ્યું હતું કે કઠોળ ખરતા વાળ, ખોડો, ચામડીના રોગ તેમજ રોગ પ્રતિકારક શક્તિના અલભ્ય જેવી તકલીફોમાં ખૂબ ઉપયોગી તથા શ્રેષ્ઠ દવા છે. તેમણે કઠોળ બાફેલા જ ખાવા જોઈએ તેવી પ્રવર્તી રહેલી ગેરમાન્યતા દૂર કરવા અને રાજમા, કચોરી, સેન્ડવીચ અને પરાઠા જેવી વાનગીઓ દ્વારા કઠોળ ખાવા આગ્રહ કરવા સાથે નાચોઝ ચીપ્સ માટે ખાસ કઠોળના સલાડ અને કઠોળની ચટણી બનાવી હતી.

## જિલ્લા ઓ.બી.સી. સેલના કન્વીનર પદે કાળુસિંહ ડાભી નિમાયા

ગાંધીનગર, તા. ૧૧



અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ ઓ.બી.સી. વિભાગના ચેરમેન તામ્રધ્વજ સાહુજીની સૂચનાનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદરણીય અધ્યક્ષ અમિતભાઈ ચાવડાની મંજૂરીથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન ઘનશ્યામભાઈ ગઢવી દ્વારા ગાંધીનગર તાલુકાના યુવા અગ્રણી અને તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન કાળુસિંહ ડાભીની ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન પદે નિમણુંક કરવામાં આવી છે.

**LOST CERTIFICATE**

Notice is hereby given that the share Certificate of GRAPHITE INDIA LTD. Folio No. P0025714 Certificate No. 4190186 to 4190535 Which were lost during house cleaning. It is requested that if there is any person collect in any way please inform us.

**Contact No. 8780421886**
**Kailashben R. Mokhasania**